eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 374
October 03, 2014

## સુરતઃ– ભારત સરકારનું શહેરી વિકાસ મંત્રાયલ દેશના શહેરી વિસ્તારોમાં " સંપૂર્ણ સ્વચ્છતા " નું ધ્યેય પ્રાપ્ત કરવા બાબતઃ–

સુરતઃ– ભારત સરકારનું શહેરી વિકાસ મંત્રાયલ દેશના શહેરી વિસ્તારોમાં " સંપૂર્ણ સ્વચ્છતા " નું ધ્યેય પ્રાપ્ત કરવા કટિબધ્ધ છે. તે અંતર્ગત તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૦૬/૧૦/૨૦૧૪ દરમ્યાન " સ્વચ્છ ભારત સપ્તાહ " બાબતે

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૦૬/૧૦/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૭૭૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૬૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૩,૯૫૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૨૩૭૨

વધુ માટે કલીક કરો >>>>>>

## મોટા વરાછા વિસ્તારમાં ડીમોલીશન

મોજેઃ મોટા વરાછા વિસ્તારમાં આવેલ ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૫(મોટા વરાછા), ફા. પ્લોટ નં. ૧૧૬ માં રેસીડેન્સીયલ બાંધકામના લે–આઉટ પ્લાન મંજુર કરવામાં આવેલ છે. મંજુર પ્લાન વિરૂધ્ધ માર્જીનની જગ્યામાં આશરે ૧૦' × ૪૦' માપ વિસ્તારમાં ગ્રાઉન્ડ ફલોર તથા પ્રથમ માળે ચણતરની દિવાલોનું ગેરકાયદેસર બાંધકામ

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા રૂગ્ણાલયો,વૈદકીયરાહત,અને તંદુરસ્તવર્ધક સમિતિએ ડો.રવિન્દ્ર સુકલાલ પાટીલના અધ્યક્ષપણા હેઠળ મસ્કતિ ધર્માર્થ હોસ્પીટલની આજરોજ રૂબરૂ મુલાકાત લીધેલ

સુરત મહાનગરપાલિકા રૂગ્ણાલયો,વૈદકીયરાહત,અને તંદુરસ્તવર્ધક સમિતિએ ડો.રવિન્દ્ર સુકલાલ પાટીલના અધ્યક્ષપણા હેઠળ મસ્કતિ ધર્માર્થ હોસ્પીટલની આજરોજ રૂબરૂ મુલાકાત લીધેલ.આ મુલાકાત દરમ્યાન

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા બાબતઃ–

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહેર

વધુ માટે કલીક કરો >>>>>>

## રાજય સરકારે કેબલ ઓપરેટરોએ ભરવાનો થતો મનોરંજન કર વસુલ કરવા

રાજય સરકારે કેબલ ઓપરેટરોએ ભરવાનો થતો મનોરંજન કર વસુલ કરવાની કામગીરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને જાહેરનામાથી આપેલ હોય, સુરત મહાનગરપાલિકાએ આ માટેની વ્યવસ્થા

વધુ માટે કલીક કરો >>>>>>

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૬, મંછરપુરા, ખરાદીશેરી ખાતે આવેલ મિલ્કત નોંધ નં.૪૮૪ વાળી

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરતઃ– ભારત સરકારનું શહેરી વિકાસ મંત્રાયલ દેશના શહેરી વિસ્તારોમાં " સંપૂર્ણ સ્વચ્છતા " નું ધ્યેય પ્રાપ્ત કરવા બાબતઃ–

સુરતઃ– ભારત સરકારનું શહેરી વિકાસ મંત્રાયલ દેશના શહેરી વિસ્તારોમાં " **સંપૂર્ણ સ્વચ્છતા** " નું ધ્યેય પ્રાપ્ત કરવા કટિબધ્ધ છે. તે અંતર્ગત **તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૦૬/૧૦/૨૦૧૪** દરમ્યાન " **સ્વચ્છ ભારત સપ્તાહ** " બાબતે સુરત મહાનગરપાલિકાના **સા.ઈ.(લિંબાયત) ઝોનનાં વોર્ડ લિંબાયતની વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં આવેલ (૧) મદનપુરા માર્કેટ વિસ્તાર, (૨)ડોકટર હાઉસથી નીલગીરી સર્કલ ચાર રસ્તા, (૩) જુની ઝોન ઓફિસવાળો થઈ શિવાજીનગર વિસ્તારમાં આવેલ** સંસ્થા, દુકાન તથા માર્કેટના સ્ટોલ ધારકોને ડસ્ટબીન રાખવા માટે તથા ડસ્ટબીનનો કચરો ડોર ટુ ડોરની કચરા ગાડીને આપવો અથવા નજીકમાં આવેલ કન્ટેઈનરમાં જ કચરાનો નિકાલ કરવા માટેનો પ્રચાર પ્રચાર ગાડી દ્વારા સતત ત્રણ દિવસ પ્રચાર કરવામાં આવ્યો હતો. વધુમાં રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષ શ્રી ડો.રવિન્દ્ર પાટીલ રૂબરૂ સ્થળ ઉપર હાજર રહી સંસ્થા, દુકાન તથા માર્કેટના સ્ટોલ ધારકોને એકત્ર કરી જાહેર જનતાને પોતાનું આગણું, ઘર, દુકાન, શેરી તેમજ માર્કેટમાં જાતે જ સ્વચ્છ રાખવા માટે અપીલ કરી હતી. તેમજ કચરાનો નિકાલ ડસ્ટબીન મારફતે ઘરે ઘરે કચરો લેવા આવતી કચરાગાડીમાં આપવા માટેની સુચના આપી હતી.

જેથી આજરોજ **તા.૦૭/૧૦/૨૦૧૪** ના રોજ ઉપરોકત માર્કેટ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ કરવા બાબતે એડી.સીટી ઈજનેર(સીવીલ) શ્રી જે.કે.શાહ ની મળેલ સુચના અનુસાર આસી.કમિશ્નર શ્રીમતી ગાયત્રી આર.જરીવાલા અને કાર્યપાલક ઈજનેરશ્રી રાજેશ સી.જરીવાલાના આગેવાની હેઠળ ઝોનના નાયબ આરોગ્ય અધિકારી, ડે.ઈજનેર, મખ્ય આરોગ્ય નિરીક્ષક, જુનીયર/ આસી. ઈજનેર તેમજ સુપરવાઈઝર સ્ટાફ, સફાઈ કામદારો/ બેલદારો દ્વારા કરવામાં આવી હતી.

જેના અંતર્ગત આજરોજ **તા.૦૭/૧૦/૨૦૧૪** ના રોજ ઉપરોકત વિસ્તારમાં આરોગ્ય – ઈજનેર વિભાગ દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સદર ઝુંબેશ દરમ્યાન **કુલ –૪૫૦** સંસ્થા/ દુકાનો/ સ્ટોલધારકો ડસ્ટબીન રાખેલ છે કે કેમ તે અંગેની ચકાસણી હાથ ધરવામાં આવેલ હતી. જેમાં **કુલ –૧૫૨** દુકાન/સંસ્થા/ સ્ટોલધારકોએ ડસ્ટબીન રાખેલ ન હોવાથી તેઓની પાસે તેમની સંસ્થાની આજુબાજુ પડેલ કચરો, કાગળ, પ્લાસ્ટીક વિગેરેની સફાઈ કર્યા બાદ **રૂા.૨૦,૦૦૦/–** નો વહીવટીચાર્જ ફટકારી નોટીસ/ચેતવણી આપવામાં આવી હતી.

આ ઝુંબેશ દરમ્યાન આરોગ્ય/ ઈજનેર– દબાણ વિભાગ દ્વારા મદનપુરા માર્કેટની અંદરના માર્જીનમાં તાળી બાંધવામાં આવેલ, પતરા શેડ, તાળપત્રીના છાપરા, દિવાલ વિગેરેનું બાંધકામ દુર કરવાની કામગીરી હાથ ધર્યા બાદ સદર માર્કેટના તમામ રસ્તાઓ, પેસેજ તથા માર્કેટમાં આવેલ ઓટલાની આજુબાજુ સાઈડ સ્ક્રેપીંગ કરાવી કચરો, કચરામિશ્રિત માટીના **૦૩** ફેરા ટ્રેકટર દ્વારા ઉપાડી **૩.૭૫૦** મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. તેમજ **૦૨ (બે)** ટ્રક ભરી પતરા, એંગલ, બોર્ડ, પ્લાસ્ટીકની તાળપત્રી– વાંસનો નિકાલ કરવામાં આવ્યો હતો. માર્કેટની આજુબાજુ લારી–ગલ્લા વિગેરેનું દબાણ પણ દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ અભિયાન દરમ્યાન આરોગ્ય ખાતા દ્વારા કુલ **–૧૫૨** દુકાન/સંસ્થા/સ્ટોલ ધારકોને ડસ્ટબીન રાખવાની નોટીસ આપી **રૂા.૨૦,૦૦૦/–** વહીટીચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૦૬/૧૦/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૭૭૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૬૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૩,૯૫૦/— વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૨૩૭૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૨૩૬૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૦૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૯૪ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા. ૪૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે **રૂા.૪૯,૪૩,૫૦૫/—** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા ૫ટેલ ૧—૨—૩ ઈન્ડ., વેડરોડ, નંદુ ડોશીની વાડી, જી.આઈ.ડી.સી.કતારગામ વિસ્તારમાંથી **રૂા.૫,૬૦,૨૦૪/—** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૨૦૪ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૧૧,૧૪,૧૧૧/—** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા.૪૪,૯૯૦/— હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૮ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## મોટા વરાછા વિસ્તારમાં ડીમોલીશન

મોજેઃ મોટા વરાછા વિસ્તારમાં આવેલ ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૫(મોટા વરાછા), ફા. પ્લોટ નં. ૧૧૬ માં રેસીડેન્સીયલ બાંધકામના લે–આઉટ પ્લાન મંજુર કરવામાં આવેલ છે. મંજુર પ્લાન વિરૂધ્ધ માર્જીનની જગ્યામાં આશરે ૧૦' × ૪૦' માપ વિસ્તારમાં ગ્રાઉન્ડ ફલોર તથા પ્રથમ માળે ચણતરની દિવાલોનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરેલ, જે અન્વયે આજરોજ આશરે ૪૦૦.૦૦ ચો.ફુટનું ગેરકાયદેસરનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

ઉકત કામગીરી અત્રેના પૂર્વ(વરાછા)ઝોન કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતાના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા રૂગ્ણાલયો,વૈદકીયરાહત,અને તંદુરસ્તવર્ધક સમિતિએ ડો.રવિન્દ્ર સુકલાલ પાટીલના અધ્યક્ષપણા હેઠળ મસ્કતિ ધર્માર્થ હોસ્પીટલની આજરોજ રૂબરૂ મુલાકાત લીધેલ

**સુરત મહાનગરપાલિકા રૂગ્ણાલયો,વૈદકીયરાહત,અને તંદુરસ્તવર્ધક સમિતિએ ડો.રવિન્દ્ર સુકલાલ પાટીલના અધ્યક્ષપણા હેઠળ મસ્કતિ ધર્માર્થ હોસ્પીટલની આજરોજ રૂબરૂ મુલાકાત લીધેલ.આ મુલાકાત દરમ્યાન ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હે અને હો.),મેડીકલ સુપ્રિ.એન્ડ ડાયરેકટરશ્રી,મસ્કતિ ધર્માર્થ હોસ્પીટલ,તેમજ મ.ધ.હો.નો સ્ટાફ હાજર રહયો હતો. સમિતિએ હોસ્પીટલના તમામ વિભાગની મુલાકાત લઈ સમગ્ર હોસ્પીટલની કાર્યવાહી નિહાળી હતી. અધ્યક્ષશ્રીએ સમગ્ર હોસ્પીટલની કામગીરી અંગે સંતોષ વ્યકત કર્યો હતો તેમજ કર્મચારીઓની કામગીરીને બિરદાવી અભિનંદન આપ્યા હતા.**

## સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૭૫૨ ફાઈલોનો નિકાલ કરવા

**તા.૨૯.૦૯.૨૦૧૪ થી ૦૫.૧૦.૨૦૧૪ સુધીમાં** સાઉથઝોન(ઉધના) ના **ઈજનેર વિભાગ ધ્વારા** ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૭૫૨** ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ **૨૭૫** ફાઈલના **રૂા.૩૨.૧૫ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૮૨** લોકેશન(ખાડા)**૧૯૧૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૧૧૫.૦૮૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૪૬** લોકેશન (ખાડા) **૧૫૫૦.૦૦ ૨.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ–૩૩** લોકેશન **૧૫૩૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે.,**કુલ–૧૫૨** વરસાદી જાળિયા સફાઈ તથા **૪૬** મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ છે., રોડ પૈકીના દબાણ હેઠળ કુલ **:૨૮** લારી ગલ્લા ઉપાડવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા :**૧૮૨** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૧૨૩** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૬૪.૦૫** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૭૪.૦૦** લાખ થયેલ છે.,**૪૪** EC તથા **૩૩** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩૨૨૧/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૭૧૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૬૫** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૫** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે.તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ**૨૭૯૬** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ**૭૨૫** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૩૧૧.૩૬** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ**૨૪૩** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા.૨૬,૨૦૦/–** છે.તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૭૦૬૭૭** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ**૧૬૯૯૭૪** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૪૬૧** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૫૮૧૭** કરવામાં આવેલ છે. જયારે **૨૪૬** નોટીસ આપવામાં આવેલ છે. .વહીવટી ખર્ચઃ **રૂા.૧૯,૭૦૦/–** વસુલ કરવામાં આવેલ છે.

## સુરતઃ– ભારત સરકારનું શહેરી વિકાસ મંત્રાયલ દેશના શહેરી વિસ્તારોમાં " સંપૂર્ણ સ્વચ્છતા " નું ધ્યેય પ્રાપ્ત કરવા બાબતઃ–

સુરતઃ– ભારત સરકારનું શહેરી વિકાસ મંત્રાયલ દેશના શહેરી વિસ્તારોમાં " **સંપૂર્ણ સ્વચ્છતા** " નું ધ્યેય પ્રાપ્ત કરવા કટિબધ્ધ છે. તે અંતર્ગત આજરોજ સુરત મહાનગરપાલિકાના **લિંબાયત ઝોનમાં આવેલ ડીંડોલી વિસ્તારના ભીમનગર રેલ્વે ગરનાળાથી જુના જકાતનાકા થઈ રામાયણ પાર્ક ચાર રસ્તા સુધી** કમિશ્નર સાહેબશ્રીની સુચના મુજબ એડી.સીટી ઈજનેર (સીવીલ) શ્રી જે.કે.શાહ તથા આસી.કમિશ્નર શ્રીમતી ગાયત્રી આર.જરીવાલાના માર્ગદર્શન હેઠળ ઝોનના નાયબ આરોગ્ય અધિકારી, મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષકની બનેલી ટીમો દ્વારા આ વિસ્તારમાં સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. **જેમાં સંસ્થા, દુકાન, શોપીંગ સેન્ટર તથા માર્કેટના સ્ટોલ ધારકોને તેઓનો કચરો ડસ્ટબીનમાં જ રાખવા માટે તથા તેનો નિકાલ ડોર ટુ ડોરની કચરાગાડીમાં કરવા માટેની સમજ આપવામાં આવી હતી. તેમજ તેમની સંસ્થાઓમાં જાતે જ સ્વચ્છતા રાખવા માટે અપીલ પણ કરવામાં આવી હતી. આ સાથે પ્રચારગાડી મારફત રહીશો તેમજ જાહેર જનતાને સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનમાં જોડાવવા માટે તથા સ્વચ્છતા રાખવા માટે અપીલ કરવામાં આવી હતી. જેને ખુબ સારો પ્રતિસાદ મળ્યો હતો.**

આજરોજ આ વિસ્તારમાં આરોગ્ય/ ઈજનેરી વિભાગ દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તેમજ ઝુંબેશ દરમ્યાન **૧૬૫** જેટલી સંસ્થા/ દુકાનો/ કોમ્પલેક્ષ તથા સ્ટોલધારકોએ કચરાના ડસ્ટબીન રાખેલ છે કે કેમ ? તે અંગેની ચકાસણી હાથ ધરી **૭૯** દુકાન/સંસ્થા/કોમ્પલેક્ષ તથા સ્ટોલધારકોએ કચરાનો ડબ્બા રાખેલ ન હોવાથી તેઓને ચેતવણી નોટીસ આપવામાં આવેલ હતી. તેમજ **૭૯** ઈસમો પાસેથી **રૂા.૮૮૦૦=૦૦** નો વહીવટીચાર્જ વસુલ લેવામાં આવ્યો હતો.

હવે પછી પણ લિંબાયત ઝોનના જુદા જુદા વિસ્તારોમાં આ પ્રકારનું અભિયાન હાથ ધરી લોકોને સ્વચ્છતા બાબતે જરૂરી માર્ગદર્શન પુરું પાડવામાં આવશે. તેમજ વિવિધ કાર્યક્રમનું પણ આયોજન હાથ ધરવામાં આવનાર છે. જાહેર જનતાને સ્વચ્છ ભારત અભિયાનમાં સાથ સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

## "સ્વચ્છ ભારત અભિયાન ૨૦૧૪ "

**"સ્વચ્છ ભારત અભિયાન ૨૦૧૪ "** કાર્યક્રમ અંર્તગત તા.૮મી ઓકટોબર ૨૦૧૪ના રોજ સવારે "શ્રી સૌરાષ્ટ્ર તળપદા કોળી પટેલ સમાજ " ના ૬૦ જેટલા કાર્યકરો દ્વારા કરંજ વિસ્તારમાં આવેલ મારૂતિ ચોકથી નીલકંઠ સોસાયટી સુધીના સંતોષીનગર રોડ પર લોક ભાગીદારીથી સમૂહ સફાઈ અભિયાનનું આયોજન સુરત મહાનગર પાલિકાની સહ ભાગીદારીથી કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં ગાર્ડન સમિતિના ચેરમેન શ્રીમતી દેવિકાબેન જાદવાણી,કોર્પોરેટરશ્રી રાજેશભાઈ જોળીયા, સામાજીક આગેવાનો શ્રી મુકેશભાઈ ચૌહાણ, શ્રી વેલજીભાઈ મકવાણા,શ્રી ત્રિકમભાઈ ડાભી, શ્રી કિશોરભાઈ મકવાણા વિગેરે સહિતના કાર્યકરો દ્વારા ત્રણ ટન જેટલા માટી મિશ્રિત કચરાની સફાઈ કરવામાં આવી.સુરત મહાનગર પાલિકા તરફથી વરાછાઝોનના ઝોનલ ચીફ શ્રી અરૂણભાઈ ખાટીવાલા તથા આસીસ્ટન્ટ કમિશ્નરશ્રી આર.એમ.ગામીત તથા નાયબ આરોગ્ય અધિકારી ડૉ. મહેન્દ્ર પટેલ અને આરોગ્યની ટીમ એ આ કાર્યક્રમમાં સહભાગીદારી કરી હતી તેમજ સંસ્થાની કામગીરીને બિરદાવી હતી. આ ઉપરાંત અધિકારીઓ તેમજ આગેવાનો દ્વારા સફાઈની કામગીરી માટે જાગૃતિ લાવવા આરોગ્ય શિક્ષણ આપવાની કામગીરી તેમજ સંકલ્પ લેવડાવવાની કામગીરી પણ કરાવવામાં આવેલ છે.સ્થાનિક ૫૫(પંચાવન) સંસ્થાઓમાં કચરો નાંખવા માટેના ડબ્બા ન હોવાથી તેમજ જાહેરમાં કચરો નાંખી ન્યુસન્સ કરતા હોવાથી રૂપીયા ૧૭૭૦૦/– દંડ વસૂલ કરવામાં આવેલ છે.

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૭/૧૦/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૦૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૩,૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૮૦૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૮૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૮ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા. ૧૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે **રૂા.૭૪,૯૭,૧૫૭/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા.૪,૩૨,૨૨૭/–** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૧૫૯ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૧૮,૨૬,૩૧૮/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા.૧,૦૧,૨૮૧/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૮ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા બાબતઃ–

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહેર માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે. જેથી "સ્વચ્છ સુરત, સુંદર સુરત" ની છબી બગડવા ન પામે તે હેતુસર, "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત આગામી તા.૧૩ ઓકટોબર ૨૦૧૪ થી ૧૮ ઓકટોબર ૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની દિવાળી પહેલાંની પ્રથમ તબકકાની ચકાસણી કરવાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવનાર છે. જે અન્વયે દરેક ઝોન દીઠ ૨૦ ટીમ (દરેક ટીમમાં ૦૨ સભ્યો) દ્વારા દરરોજ સવારે ૧૧:૦૦ કલાક થી ૧:૦૦ કલાક તથા સાંજે ૫:૦૦ કલાક થી ૭:૦૦ કલાક દરમ્યાન કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ કરવામાં આવનાર છે. દશાર્વેલ સમયગાળા દરમ્યાન અંદાજીત ૦૨(બે) લાખ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ કરવાનું આયોજન મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ છે. આ ચેકીંગ દરમ્યાન જે સંસ્થાઓ / દુકાનોમાં ડસ્ટબીન ન હશે તો, તેવી સંસ્થાઓ / દુકાન ધારકો પાસેથી નિયમોનુસાર વહીવટી ચાર્જની રકમ વસુલાત કરવામાં આવશે. આ કામગીરી અંગે સુરત મહાનગરપાલિકાને પુરતો સહકાર આપવા, જાહેર જનતા તથા તમામ કોમર્શીયલ સંસ્થા / દુકાન ધારકોને નમ્ર અપીલ છે.

# ખેલ મહાકુંભ–૨૦૧૪

## તા.૦૫/૧૦/૨૦૧૪ થી તા.૧૫/૧૦/૨૦૧૪

સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે "ખેલ મહાકુંભ ૨૦૧૪"નું આયોજન તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૨૨/૧૧/૨૦૧૪ દરમ્યાન કરવામાં આવેલ છે.

સુરત શહેરમાં **સુરત મહાનગરપાલિકાની ઝોન કક્ષાના** રાંદેર, સેન્ટ્રલ, ઉધના, લિંબાયત, વરાછા, કતારગામ, અમરોલી, અઠવા, અને ડુમસ સાથે કુલ ૯ સ્પોર્ટસ ઝોન વિસ્તારમાં તા.૦૫/૧૦/૨૦૧૪ થી તા.૦૭/૧૦/૨૦૧૪ દરમ્યાન રમાયેલ શેટીંગબોલ સ્પર્ધામાં ભાઈઓ–૫૪, રસ્સાખેંચ સ્પર્ધામાં ભાઈઓ–૪૬૬ અને બહેનો–૪૩૨, યોગાસનમાં ભાઈઓ–૨૯૭ અને બહેનો–૩૭૨, કબડ્ડીમાં ભાઈઓ–૨૨૬૧ અને બહેનો–૧૦૫૬ તથા ચેસ હરિફાઈમાં ભાઈઓ–૫૫૮ અને બહનો–૯૬ મળી કુલ–૫૫૯૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. હવે પછી. તા.૦૯/૧૦/૨૦૧૪ના રોજ વોલીબોલ અને તા.૧૦/૧૦/૨૦૧૪ના રોજ ખો–ખોની સ્પર્ધાઓ અગાઉથી નિર્ધારિત થયેલ સ્થળોએ યોજાશે.

શહેર કક્ષાની સીધી રમતો પૈકી તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૦૭/૧૦/૨૦૧૪ દરમ્યાન રમાયેલ વિવિધ સ્પર્ધાઓમાં ભાઈઓ–૧૩૪૬ અને બહેનો–૩૬૦ મળી કુલ–૧૭૦૬ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. હવે પછી **તા.૦૯/૧૦/૨૦૧૪ થી તા.૧૦/૧૦/૨૦૧૪ દરમ્યાન શહેર કક્ષાની સીધી રમતોની સ્પર્ધા નીચેના સ્થળોએ યોજાશે.**

| ક્રમ | રમતનું નામ | વયગૃપ | તારીખ | | સ્પર્ધા સ્થળ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|
| | | | ભાઈઓ | બહેનો | |
| ૧ | બેડમીન્ટન | અબવ–૧૬, | ૦૯/૧૦/૧૪ | - | દિલ્હી પબ્લિક સ્કુલ, ડુમસ રોડ, સુરત. |
| ૨ | કુસ્તી | અં–૧૩,૧૬<br>અબવ–૧૬ | | ૦૯/૧૦/૧૪ | આર્ય સમાજ મંદિર, ગોપીપુરા,ચોકબજાર, સુરત. |
| ૩ | હોકી | અં–૧૬<br>અબવ–૧૬ | ૦૯/૧૦/૧૪<br>૧૦/૧૦/૧૪ | ૦૯/૧૦/૧૪<br>૧૦/૧૦/૧૪ | એલ.પી.સવાણી સ્પોર્ટસ કોમ્લેક્ષ, ભાઠા, સુરત. |
| ૪ | ફુટબોલ | અં–૧૬<br>અબવ–૧૬ | ૦૯/૧૦/૧૪<br>૧૦/૧૦/૧૪થી<br>૧૨/૧૦/૧૪ | - | ભાણકી સ્ટેડિયમ, મોરાભાગળ, રાંદેર સુરત. |
| ૫ | લોનટેનીસ | તમામગૃપ બહેનો | - | ૧૦/૧૦/૧૪<br>થી<br>૧૧/૧૦/૧૪ | બીગસર્વ એકેડમી ડુમ્મસ રોડ, સુરત. |
| ૬ | સ્કેટીંગ રોડ રેસ | તમામ ગૃપ | ૦૯/૧૦/૧૪ | ૦૯/૧૦/૧૪ | ભગવાન મહાવીર કોલેજ, વેસુ, સુરત. |
| ૭ | હેન્ડબોલ | અંડર–૧૩ | ૧૦/૧૦/૧૪ | ૧૦/૧૦/૧૪ | ટી.જી.બી.ગ્રાઉન્ડ, અડાજણ, સુરત. |
| ૮ | યોગાસન | અબવ–૧૬,૪૫,૬૦ | ૦૯/૧૦/૧૪ | ૦૯/૧૦/૧૪ | ગજેરા વિદ્યાલય, કતારગામ,સુરત. |
| ૯ | ચેસ | તમામગૃપ | ૦૯/૧૦/૧૪ | ૧૦/૧૦/૧૪ | દિલ્હી પબ્લિક સ્કુલ, ડુમસ રોડ, સુરત. |

તમામ રમતો સવારે ૭.૩૦ કલાકથી શરૂ થશે. જેથી રજીસ્ટર્ડ થયેલ તમામ સ્પર્ધકોએ જે તે રમતના સ્થળે સમયસર હાજર રહેવા તથા શહેરની રમતપ્રેમી જાહેર જનતાને સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહેવા વિનંતી.

વધુમાં ઝોન કક્ષા તથા શહેર કક્ષાની રમાનાર રમતો તથા મેદાનોની માહિતી સહિતનો વિગતવાર કાર્યક્રમ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરતની વેબ સાઈટ www.deosurat.com પરથી મળી શકશે.

## રાજય સરકારે કેબલ ઓપરેટરોએ ભરવાનો થતો મનોરંજન કર વસુલ કરવા

રાજય સરકારે કેબલ ઓપરેટરોએ ભરવાનો થતો મનોરંજન કર વસુલ કરવાની કામગીરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને જાહેરનામાથી આપેલ હોય, સુરત મહાનગરપાલિકાએ આ માટેની વ્યવસ્થા કરેલ છે. તે મુજબ તમામ કેબલ ઓપરેટરોએ તેમના લાગત ઝોનમાં ફોર્મ નં.૪ ની વિગત સાથે સુરત મહાનગરપાલિકાની ઝોન ઓફીસમાં ઓકટોબર–૨૦૧૪ થી ડીસેમ્બર–૨૦૧૪ સુધીના કવાટર્સનો મનોરંજન કર ભરવાનો રહેશે.

# ખેલ મહાકુંભ–૨૦૧૪

## તા.૦૫/૧૦/૨૦૧૪ થી તા.૧૫/૧૦/૨૦૧૪

સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે ''ખેલ મહાકુંભ ૨૦૧૪''નું આયોજન તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૨૨/૧૧/૨૦૧૪ દરમ્યાન કરવામાં આવેલ છે.

સુરત શહેરમાં **સુરત મહાનગરપાલિકાની ઝોન કક્ષાના** રાંદેર, સેન્ટ્રલ, ઉધના, લિંબાયત, વરાછા, કતારગામ, અમરોલી, અઠવા, અને ડુમસ સાથે કુલ ૯ સ્પોર્ટસ ઝોન વિસ્તારમાં તા.૦૮/૧૦/૨૦૧૪ના રોજ રમાયેલ એથ્લેટીકસ સ્પર્ધામાં ભાઈઓ–૩,૦૦૬ અને બહેનો–૨,૦૯૮ મળી કુલ–૫,૧૦૪ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. હવે તા.૧૦/૧૦/૨૦૧૪ના રોજ ખો–ખોની સ્પર્ધાઓ અગાઉથી નિર્ધારિત થયેલ સ્થળોએ યોજાશે.

શહેર કક્ષાની સીધી રમતો પૈકી તા.૦૮/૧૦/૨૦૧૪ ના રોજ રમાયેલ બેડમિન્ટન, સ્કેટીંગ, યોગાસન અને કુસ્તી સ્પર્ધાઓમાં ભાઈઓ–૬૫૬ અને બહેનો–૨૧૩ મળી કુલ–૬૮૯ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. હવે પછી **તા.૧૦/૧૦/૨૦૧૪ થી તા.૧૧/૧૦/૨૦૧૪ દરમ્યાન શહેર કક્ષાની સીધી રમતોની સ્પર્ધા નીચેના સ્થળોએ યોજાશે.**

| ક્રમ | રમતનું નામ | વયગૃપ | તારીખ | | સ્પર્ધા સ્થળ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|
| | | | ભાઈઓ | બહેનો | |
| ૧ | ટેબલટેનિસ | અબવ–૧૬,૪૫, ૬૦ | ૧૧/૧૦/૧૪ | - | સ્પોર્ટસ કોમ્લેક્ષ, અડાજણ, સુરત. |
| | | | - | ૧૧/૧૦/૧૪ | વનિતા વિશ્રામ, અઠવાલાઈન્સ,સુરત. |
| ૨ | હોકી | અબવ–૧૬ | ૧૦/૧૦/૧૪ | ૧૦/૧૦/૧૪ | એલ.પી.સવાણી સ્પોર્ટસ કોમ્લેક્ષ, ભાઠા, સુરત. |
| ૩ | ફુટબોલ | અબવ–૧૬ | ૧૦/૧૦/૧૪ થી ૧૨/૧૦/૧૪ | | ભાણકી સ્ટેડિયમ, મોરાભાગળ, રાંદેર સુરત. |
| ૪ | લોનટેનીસ | અં–૧૩,૧૬ તમામગૃપ બહેનો | ૧૧/૧૦/૧૪ | ૧૦/૧૦/૧૪ થી ૧૧/૧૦/૧૪ | બીગસર્વ એકેડમી ડુમ્મસ રોડ, સુરત. |
| ૫ | હેન્ડબોલ | અંડર–૧૩ અંડર–૧૬ | ૧૦/૧૦/૧૪ ૧૧/૧૦/૧૪ | ૧૦/૧૦/૧૪ ૧૧/૧૦/૧૪ | ટી.જી.બી.ગ્રાઉન્ડ, અડાજણ, સુરત. |
| ૬ | બાસ્કેટબોલ | અંડર–૧૩ | ૧૧/૧૦/૧૪ | ૧૧/૧૦/૧૪ | સેંટઝેવિયર્સ, ઘોડદોડ રોડ, સુરત. |
| ૭ | શુટીંગબોલ | અબવ–૧૬ | ૧૧/૧૦/૧૪ | - | તારા વિદ્યામંદિર, ભાઠેના, સુરત. |
| ૮ | ચેસ | તમામગૃપ | - | ૧૦/૧૦/૧૪ | દિલ્હી પબ્લિક સ્કુલ, ડુમસ રોડ, સુરત. |
| ૯ | વોલીબોલ | અંડર–૧૩,૧૬ | - | ૧૧/૧૦/૧૪ થી ૧૩/૧૦/૧૪ | ન.પ્રા.શાળા નં.–૮,૯, મજુરા ગેટ, સુરત. |

તમામ રમતો સવારે ૭.૩૦ કલાકથી શરૂ થશે. જેથી રજીસ્ટર્ડ થયેલ તમામ સ્પર્ધકોએ જે તે રમતના સ્થળે સમયસર હાજર રહેવા તથા શહેરની રમતપ્રેમી જાહેર જનતાને સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહેવા વિનંતી.

વધુમાં ઝોન કક્ષા તથા શહેર કક્ષાની રમાનાર રમતો તથા મેદાનોની માહિતી સહિતનો વિગતવાર કાર્યક્રમ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરતની વેબ સાઈટ www.deosurat.com પરથી મળી શકશે.

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૮/૧૦/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

**આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૫.૪૮૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૫,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૦૫૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૫૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૩ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે.**

**આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા.૩૮,૬૮,૮૦૭/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૫,૯૪,૩૪૨/– વસુલ કરવામાં આવેલ છે.**

**ઈમ્પેકટ ફીની અરજી ૯૨ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટ રૂા.૪૩,૩૦,૨૨૧/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા.૬૨,૬૦૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૩૨ લારી જપ્ત કરવામાં આવેલ છે.**

**એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ) કેતનભાઈ પટેલની સુચનાથી તા. તા. ૦૯/૧૦/૨૦૧૪ ના રોજ રાંદેર ઝોન અને કતારગામ ઝોનના શહેર વિકાસ વિભાગના સ્ટાફની સહાયથી ટી.પી.૩ (કતારગામ) કુબેરનગર–૧ પ્લોટ નં. ૧૬૧ એ–બીમાં ભોંયતળીયે આર.સી.સી. દુકાનોનું શટર સહીતનું આશરે ૩૫૨૦ ચો.ફુટ બાંધકામ દૂર કરવામાં આવેલ છે. તેમજ પ્રભુનગર વિભાગ–૨ ના પ્લોટ નં. ૫૫, ૫૬ એ–બી ના ભોંયતળીયાનું આશરે ૨૫૦૦ ચો.ફુટ આર.સી.સી. બાંધકામ તેમજ પ્રથમ માળના કોલમો દૂર કરવામાં આવેલ છે. પ્રભુનગર વિભાગ–૨ ના પ્લોટ નં. ૧૧૮, ૧૧૯ માં પ્રથમ માળનું આશરે ૨૫૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ દૂર કરવામાં આવેલ છે. સદર બિનઅધિકૃત બાંધકામના ડીમોલીશનના વહીવટી ચાર્જ પેટે ત્રણેય મિલ્કતદારો પાસેથી કુલ્લે રૂા.૯૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. સદર ડીમોલીશન દરમ્યાન કતારગામ પોલીસ સ્ટેશનનો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ.**

## સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાબતઃ–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૪૧(ડીંડોલી),ફા.પ્લોટ નં.૮૦ વાળી મિલ્કતમાં આવેલ આર.ડી.નગર રહેણાંક વસાહતના કોમન પ્લોટમાં ગેરકાયદેસર કરવામાં આવતા બાંધકામને આજરોજ તા. ૯/૧૦/૧૪ ના રોજ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગના સ્ટાફ દ્વારા ડિમોલીશનની કામગીરી હાથ ધરી આશરે ૧૫' × ૨૦' માપવિસ્તારમાં સ્લેબ ભરવાના ઈરાદે કરેલ સેન્ટરીંગ ફોર્મવર્ક તથા ઉભા કરેલ આર.સી.સી.કોલમ સ્થળ પરથી દુર કરવામાં આવેલ તેમજ સદર સોસાયટીને અડીને આવેલ દિવાલીપાર્ક સોસાયટીના સબ પ્લોટ નં. ૩૯ માં ૧૨.૦ મી. ટી.પી.રોડને લાગુ રહેણાંક વસાહતમાં હેતુફેર કરી ગેરકાયદેસર દુકાન બનાવવામાં આવેલ જે પણ આજરોજ સ્થળ પરથી દુર કરવામાં આવેલ.

તદઉપરાંત સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૧(પરવટ– ગોડાદરા)માં આવેલ બ્લોક નં. ૨૦૫ માં આવેલ મહાવીરનગર સોસાયટીનો કેટલોક ભાગ ટી.પી.સ્કીમના રીઝર્વેશન પ્લોટમાં તેમજ ૧૫૦' ના ટી.પી.રોડની એલાઈમેન્ટમાં આવે છે. સદર જગ્યામાં મહાવીરનગર સોસાયટીના આંતરીક રસ્તોનો એપ્રોચ છે. જે જગ્યા પર કેટલાક માથાભારે ઈસમો દ્વારા કાચી પાકી મિલ્કત ઉભી કરી દેવામાં આવેલ હતી. અને જેને લીધે મહાવીરનગર સોસાયટીના રહીશો દ્વારા સખત વિરોધ કરવામાં આવેલ જેને આજરોજ તા. ૯/૧૦/૧૪ ના રોજ અત્રેની કચેરીના શહેર વિકાસ વિભાગ,દબાણ વિભાગ તેમજ ખાનગી કોન્ટ્રાકટરના માણસો દ્વારા સ્થળ પરથી આશરે ૩૦૦ ચો.ફુટ જેટલુ કાચુ–પાકુ બાંધકામ દુર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ.

આ સાથે સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૯(ગોડાદરા–ડીંડોલી)માં ફા.પ્લોટ નં. ૨૯ માં રેલ્વેને સમાંતર ૨૪.૦ મી. ના ટી.પી.રોડને અડીને આવેલ વૃંદાવન સોસાયટીમાં ૨૪.૦ મી. ના ટી.પી.રોડને અડીને રહેણાંક હેતુના બાંધકામમાં ત્રણ દુકાનો કરી શટર નાંખવામાં આવેલ. અગાઉ વારંવાર અત્રેના સ્ટાફ દ્વારા સુચના આપી મનાઈ કરેલ હોવા છતા મિલ્કતદાર દ્વારા શટર નાખવામાં આવેલ હતા જે આજરોજ અત્રેના ઝોનના શહેર વિકાસ વિભાગ,દબાણ સ્ટાફ દ્વારા સ્થળ પરથી દુર કરી દંડ પેટે રૂા. ૧૫,૦૦૦/– મિલ્કતદાર પાસેથી વસુલવામાં આવેલ.

## નોર્થઝોન (કતારગામ)  માં આવેલ ટી.પી.સ્કીમ નં. ૩ (કતારગામ) વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી.

**ટી.પી.સ્કીમ નં.૩(કતારગામ) માં આવેલ ફા.પ્લોટ નં.૪૩૯ માં આવેલ ..**

**(૧) પ્રભુનગર સોસાયટી વિભાગ–૨ ના સબ પ્લોટ નં. ૧૧૮, ૧૧૯ માં ગ્રા. ફલોર ઉપર પ્રથમ માળે એપાર્ટમેન્ટ બનાવવાના ઈરાદે મિલ્કતદારશ્રી મનસુખભાઈ પટેલ તરફથી ભરી દેવામાં આવેલ આશરે ૨૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારનો આર.સી.સી.સ્લેબનું ડીમોલીશન કરી વહીવટી ચાર્જ પેટે રૂા.૩૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.**

**(૨) વધુમાં આ જ સોસાયટીના સબ પ્લોટ નં. ૫૫, ૫૬/એ,૫૬/બી માં મિલ્કતદારશ્રી મહેન્દ્રભાઈ પટેલ તરફથી ગ્રા.ફલોર નો સ્લેબ ભરી તેની ઉપર એપાર્ટમેન્ટ બનાવવાના ઈરાદે ભરવામાં આવેલ કોલમ નંગ–૧૦ તથા આશરે ૧૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારના સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ છે. તેમજ મિલ્કતદાર પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૩૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.**

**(૩) વધુમાં ટી.પી.સ્કીમ નં. ૩ (કતારગામ), ફા.પ્લોટ નં. ૪૪૦/એ/બી કુબેરનગર સોસાયટી વિભાગ–૧ ના સબ પ્લોટ નં. ૧૬૧/એ,બી વાળી મિલ્કતમાં ભોંયતળિયાના ભાગે આશરે ૩૫૦૦ ચો.ફુટ માપ વિસ્તાર પૈકી આશરે ૨૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં બનાવવામાં આવેલ દુકાન નંગ–૬ નું ચણતર પ્લાસ્ટર ની દિવાલો તથા શટર નંગ – ૬ નું ડીમોલીશન કરવામાં આવેલ છે. તથા મિલ્કતદારશ્રી રણછોડભાઈ સણસાગર પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૨૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.**

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૬, મંછરપુરા, ખરાદીશેરી ખાતે આવેલ મિલ્કત નોંધ નં.૪૮૪ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૨૧/૦૮/૨૦૧૨ થી વિકાસ પરવાનગી મેળવવામાં આવેલ. જે અન્વયે મિલ્કતદાર શ્રી રાહુલભાઈ વિઠ્ઠલભાઈ લાઠીયા ધ્વારા ચોથા અને પાંચમાં માળે કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબનું આશરે ૧૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું ગેરકાયદેસર બાંધકામ તા.૦૭/૧૦/૧૪ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.